Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैनधर्मप्रकाश

પુસ્તક નવમું.

સં. ૧૯૪૯ ના ચૈત્રથી સં. ૧૯૫૦ ના ફાગણ સુધી અં. ૧૨

शिखरिणी.

करे श्लाघ्यस्त्यागः शिरसि गुरुपादप्रणमनं ।
मुखे सत्या वाणी श्रुतमभिगतं च श्रवणयोः ॥
हृदि स्वच्छा वृत्तिर्विजयी भुजयोः पौरुषमहो ॥
विनाप्यैश्वर्येण प्रकृति महतां मंडनमिदम् ॥ १॥

प्रगटकर्ता.

## श्री जैनधर्मप्रसारक सभा.

ભાવનગર.

શાક ૧૮૧૫. સંવત ૧૯૪૯–૫૦
સન ૧૮૯૩–૯૪
अमदावाद—"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસ."
મૂલ્ય વર્ષ ૧ નો રૂ ૧ ) અગાઉથી. પોસ્ટેજ રૂ ૦–૩–૦ જુદું.
છુટક અંક એકના રૂ ૦–૨–૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### मंदाक्रांता

જેવી રીતે શશી ધરી કળા પૂર્ણિમાએ પ્રકાશે,
તેવી રીતે વિવિધ વિષય પૂર્ણ થૈ જે વિકાશે;
બોધો આપી ભવિકજન કરે જેહ અજ્ઞાન નાશ,
તે દીર્ઘાયુ અધિક વધજો "જૈનધર્મ પ્રકાશ". ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# वार्षिक अनुक्रमणिका.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| ૧ વર્ષારંભ સ્તુતિ કુસુમાંજળી (પદ્ય) | ૧ |
| ૨ નવું વર્ષ-વર્ષમાંહે. | ૩ |
| ૩ લલિતાંગ કુમાર | ૬ |
| ૪ પ્રતિક્રમણ. | ૧૦-૭૮-૯૭-૧૧૦-૧૩૩-૧૭૦-૧૯૪ |
| ૫ સ્ત્રી કેળવણી. | ૧૪-૬૫-૮૬-૧૦૧-૧૫૭ |
| ૬ ગુરૂ ગુણ બત્રીશી. (પદ્ય) | ૧૭ |
| ૭ સિદ્ધપુરમાં સોમયાગ. | ૧૯ |
| ૮ શ્રી ભાવનગર શ્રાવક સમુદાયની ચૈતર વદ ૧ મે મળેલી જાહેર સભાનો હેવાલ. | ૨૪ |
| ૯ મુનિ વૃદ્ધિચંદજી જૈન વિદ્યાશાળાની સ્થાપના. | ૩૦ |
| ૧૦ મુનિ મહારાજ શ્રી વૃદ્ધિચંદજીનો સ્વર્ગવાસ. | ૩૪ |
| ૧૧ શ્રીમદ્ ગુરૂ વૃદ્ધિવિજય વિયોગાષ્ટક. (પદ્ય) | ૪૧ |
| ૧૨ મુનિરાજ શ્રી વૃદ્ધિચંદજીના સ્વર્ગવાસ પાછળ થયેલાં શુભ કૃત્યો. | ૪૨ |
| ૧૩ માયા ( શ્રી મલ્લીનાથજી ચરિત્ર ) | ૪૪-૬૮-૭૪ |
| ૧૪ વિદ્યા. | ૪૮ |
| ૧૫ સંબોધસત્તરી. | ૫૦-૬૦-૮૩-૯૩-૧૧૫-૧૩૦-૧૬૨-૧૭૭-૧૮૯ |
| ૧૬ વર્તમાન સમાચાર. | ૫૩-૭૧-૧૦૩-૧૩૬-૧૬૭-૧૮૨ |
| ૧૭ મુનિ વૃદ્ધિચંદજી જૈનવિદ્યાશાળા ફંડ. | ૫૬ |
| ૧૮ હિતોપદેશ (પદ્ય) | ૫૭-૭૩ |
| ૧૯ ધર્મનું આવશ્યક. | ૫૭ |
| ૨૦ દ્રૌપદી. | ૮૯-૧૦૬-૧૪૯-૧૫૪-૧૮૬ |
| ૨૧ સ્વધર્મીને સૂચના (પદ્ય) | ૧૦૫ |
| ૨૨ સિદ્ધક્ષેત્ર જૈન પુસ્તકાલય. | ૧૧૮ |
| ૨૩ મહેશ્વર દત્ત. | ૧૨૧ |
| ૨૪ ચરચાપત્ર. | ૧૨૪ |
| ૨૫ શ્રી મહાવીર સ્વામીના જન્મોચ્છવને દિવસે શ્રીફળ વધેરવા સંબંધી ચરચાપત્ર. | ૧૨૬-૧૫૯ |
| ૨૬ શ્રી અમદાવાદમાં શ્રાવક સમુદાયના આગેવાન ગૃહસ્થોનું મળવું, તેમાં થયેલા ઠરાવો અને તે સંબંધી છેવટની સૂચના. | ૧૩૭ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોભારૂપી સભામાં ભવિકજન તણી ધારતો ચિન્હ[1] તેવા,
વર્ષારંભે નમો તે મુનિવર પતિને શાંતિ સદ્બોધ લેવા. ૩
જેનો આલ્હાદકારી વદનવિધુ સદા ધારતો વાક્ સુધાને;
શોભાવે ભવ્ય કેરા વદનકુમુદને જે હરે છે [2]ક્ષુધાને;
જેના તેજે વિનાશે અઘતમ જનના વજ્રના લેપ જેવા;
વર્ષારંભે નમો તે મુનિવર પતિને શાંતિ સદ્બોધ લેવા. ૪
જેની વાણી વિલાસે ભવિ પરિષદમાં ભિન્ન ભાષાથી ભાસે,
પીવે કર્ણાંજલિથી શુભ વચન સુધા સજ્જનો હૃદ્ વિકાશે;
જેથી સત્ તૃપ્તિ સાથે અધિકજ મળતી જ્ઞાન આનંદ સેવા,
વર્ષારંભે નમો તે મુનિવર પતિને શાંતિ સદ્બોધ લેવા. ૫

( પ્રહર્ષિણી. )

શ્રી મેરૂ નગ પર ઇંદ્ર હર્ષકારી,
આવ્યો શ્રી જિનવર મૂર્ત્તિ હસ્ત ધારી;
સ્નાનાર્થે સુરવર તીર્થ નીર લાવે,
ગંધર્વો જિન અભિષેક ગીત ગાવે. ૧
ગાજે છે અધિક સુવાદ્ય દેવતાના,
નાચે છે સુરપતિ સુંદરી સમાના;
આકાશે કુસુમ સુવૃષ્ટિઓ પડે છે,
વેમાનો સુરજનના ગિરિ ચડે છે. ૨
તે કાલે જિનવર કેરી જેહ મૂર્ત્તિ,
જ્યાં શોભે અધિક સુકાંતિ કેરી સ્ફુર્ત્તિ;
નિત્યે તે નમન કરો સદા સુહર્ષે,
તે થાજો અવિઘ્નકારી આ સુવર્ષે. ૩

( આશિર્વાદાત્મક શિખરિણી. )

વધે શુક્લે પક્ષે જયમ ગગનમાંહી શશિકલા,
વધો તેવી રીતે અવનિતળ આ પત્રનીકળા;
કળા ચાંદ્રી દેખી કુમુદ ગણ પામે મુદ ઘણો,
સદા પામો પત્રો નિરખી મુદને ગ્રાહક ઘણો. ૧

**ન૦ દા૦ શાસ્ત્રી.**

---

૧ વજ્ર અંકુશ પદ્મની રેખા. ૨ તૃષ્ણા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નવું વર્ષ—વર્ષ ગાંઠ.

જયજિનેંદ્ર ! પ્રિયવાચકવૃંદ ! દર ચૈત્ર મહીનાના ચોપાનીઆમાં 'નવું વર્ષ–વર્ષગાંઠ' એ મથાળાનો અથવા એવી મતલબનો આદ્ય વિષય આપના જોવામાં આવે છે અને તેમાં ઘણું કરીને આનંદના ઉદ્‌ગારજ હોય છે. તેથી કદાચ આપના મનમાં એવો પ્રશ્ન ઉઠતો હશે કે નવુંવર્ષ–વર્ષગાંઠ એ શું, તે કોને અને તેથી આનંદ શામાટે માનવો? સમયની ગણત્રીને માટે ત્રીશ દિવસનો માસ અને બાર માસનું વર્ષ એ નિયમ ચીરકાળથી બંધાયેલો છે અને તે ઉપર જગતનો વ્યવહાર ચાલે છે એતો આપને વિદિતજ છે. આમાં સામાન્ય વ્યવહારે સકલપ્રજા એક વર્ષ પૂર્ણ થયે બીજાું વર્ષ શરૂ થાય ત્યારે તે શરૂઆતના દિવસથી નવું વર્ષ ગણે છે. કેટલાક દેશમાં નવું વર્ષ કાર્તિકથી, કેટલાક દેશમાં ચૈત્રથી અને કેટલાક બીજી તીથિથી દેશાચાલ પ્રમાણે નવું વર્ષ ગણે છે. આપણા દેશમાં કાર્તિક સુદી પ્રતિપદાથી નવું વર્ષ ગણાય છે અને તે સૌ કોઈ જાણે છે. આ સર્વ માન્ય વાત થઈ. દરેક માણસને તો પોતાની જન્મતીથીથી પોતાનું નવું વર્ષ ગણાય છે અને તે દિવસે તે માણસની વર્ષ ગાંઠ ગણાય છે. જેમ બેસતા વર્ષને દિવસે સકલ પ્રજા વર્ગ આનંદ માને છે તેમ અમૂક માણસના નવા વર્ષ–વર્ષ ગાંઠને દિવસે તે પોતે અથવા તેના મિત્રો અને કુટુંબીઓ આનંદ માને છે. પરંતુ આ સર્વ જેની જીંદગી હયાત હોય તેને માટે છે. મૃત્યુ પછી આમાંનું કાંઈ નથી. કેટલાએકો કહે છે કે એક વર્ષ પૂર્ણ થયું અને આયુષ્યમાંથી ઓછું થયું તો તેમાં આનંદ શામાટે માનવો? આ ધારવું ખોટું છે કારણ કે ભવ સમુદ્રમાં ફરનાર પ્રાણિને મનુષ્ય જીવન એ દુર્લભ છે અને તેથી તે અમૂલ્ય ગણાય છે. આ અમૂલ્ય જીવનમાં જેટલા બની શકે તેટલા સુકૃત્યો કરી ઉચ્ચગતિ પ્રાપ્ત થાય તેવા સાધન મેળવી શકાય છે એટલુંજ નાહે પણ શાશ્વત્ સુખ સંપાદન કરવું હોય તો તે મનુષ્ય ભવથી-મનુષ્યજીવનથીજ થાય છે. આયુષ્ય ક્યારે પૂર્ણ થવાનું છે તેની કોઇને ખબર હોતી નથી અને તેથી એક વર્ષ સુખ સમાધિ અને સુકૃત્યોથી પરિપૂર્ણ થાય અને બીજા વર્ષનો પ્રારંભ થાય તો અવશ્ય આનંદ થાયજ. અને તે આનંદ એટલા માટે કે આ સુકૃત્યકારી મનુષ્ય જીવનમાં હજી પણ એક વર્ષ મારૂં આયુષ્ય છે. પરંતુ જે માણસો આ મનુષ્યભવ વારંવાર પા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| | |
|---|---|
| ૨૭ ધર્મની આવશ્યક્તા. (પદ્ય) | ૧૫૩ |
| ૨૮ જૈન વર્ગના આગેવાનોને ખાસ સૂચના. | ૧૬૬ |
| ૨૯ કેવા પુરૂષોથી આ પૃથ્વી રત્નવતી છે? (પદ્ય) | ૧૬૯-૧૮૫ |
| ૩૦ વિશ્વાસઘાત. | ૧૭૫-૧૯૬ |
| ૩૧ એક પ્રશ્ન. | ૧૮૦ |
| ૩૨ ચરચાપત્ર ( કરાંચીના દેરાસર સંબંધી ) | ૧૮૧ |
| ૩૩ ચરચાપત્ર ( શ્રી મુંબઇ સંબંધી) | ૧૯૮ |
| ૩૪ ભાઇ મગનલાલ સુંદરજીનું ખેદકારક મૃત્યુ. | ૨૦૦ |


वसंततिलका.

एताञ्च सद्रसभरान् विविधान्निबंधान् ।
सद्धर्मबोधरसदान् सुखदान् श्रुतीनाम् ॥
हर्षप्रदान् सुविदुषां समधर्मिणां च ।
मौल्लास्य वर्षकमिदं परिपूर्णमासीत् ॥१॥

For Private And Personal Use Only

# શ્રી જૈનધર્મપ્રકાશ.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

કલાભિતરસ રસનાથકી, પાતકનો પરિહાર;
રસિકજનોના રસભર્યા શ્રી, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૯ મું. શક ૧૮૧૫ ચૈત્ર શુદિ ૧૫ સંવત ૧૯૪૯ અંક ૧ લો.

શ્રી જૈનધર્મોજયતિ.

## વર્ષારંભ સ્તુતિ કુસુમાઞ્જલિ.

( સ્રગ્ધરા. )

શ્રીમત્ અર્હંત દેવા કલ્યાણ અતિ ભક્તિમાં સિદ્ધ સેવા;
સેવા ખાટ સુરેશાધિપ[1] મનુજગણ[2] સ્તવ્ય નિત્ય સેવા;
દેતાંને જ્ઞાન[3] એવા પ્રભુ ભવિકજનોને હંમેશા શુદ્ધ દેવા;
વર્ષારંભે નમો તે મુનિવર પતિને શાંતિ સદ્ભાવ સેવા. ૧
જેના પાદાબ્જ કેરા વિમળ નખતણી કાંતિ પંક્તિ પ્રકાશી,
ભારી શોભા ધરાવે અમરપતિ તણાં મૌલિમાં નમ્ર[4] થાતી;
રાશિ[5] શાતા જનોના અવિરત આપે તે તણી શુદ્ધ સેવા,
વર્ષારંભે નમો તે મુનિવર પતિને શાંતિ સદ્ભાવ સેવા. ૨
જેનો સાદ્ગુણ્ય શોભે નિરંતર [6]કાંતિથી પરા સૌંદર્ય લાગી,
પાર્થિવ ધ્યાન મુદ્રા ભવિકજન ધરતા [7]પાર્થિવ પંકજથી;

---

૧ ઇંદ્ર. ૨ સેવકપણું. ૩ જ્ઞાનરૂપી મેવા. ૪ નમ્ર થઈ શોભતા.
૫ એકઠા થએલા. ૬ કાંતિથી. ૭ પાર્થિવપણું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



-મવો દુર્લભ છે એમ સમજતા નથી અને ઉલટા પાપકાર્યો કરી પોતાના ભવપૂર્ણ કરે છે તેને માટે આનંદ સંભવતો નથી. તેણે આનંદ માનવો એ અજ્ઞાનતાજ છે. જેમ સકલ પ્રજાને સામાન્ય નવા વર્ષને દિવસે અને દરેક માણુસને પોતાની વર્ષ ગાંઠને દિવસે આનંદ થાય તેમ મારૂં પણુ આજે નવું વર્ષ—વર્ષગાંઠ હોવાથી આનંદ માનવો જોઇએ. મારી ખ્યાતી—મારૂં જીવન એ સુકૃત્યકારીજ છે એમતો આપ જાણો છો. અને તે સાથે હું પણુ બને તેટલી રીતે લાયક વિષયોવડે જેમ વાંચનારનું કલ્યાણુ થાય તેવા ઉપાય કરૂં છું—ઉપાય કરવાની ફરજ સમજું છું તેથી વધારે આનંદ થાય છે. મારી સાથે મારા કુટુંબી અને મિત્રોમાં ગણાતા મારા વ્યવસ્થાપકોને અને તમોને—મારા ગ્રાહકોને પણુ મારી વર્ષગાંઠથી આનંદ થાય તેમાં શું આશ્ચર્ય ! અલબત આજનો દિવસ જૈનવર્ગમાં પર્વ દિવસ છે, માંગલ્યકારિ દિવસ છે અને તેથી આખા જૈનસમુદાયને આનંદકારી છે પણુ તેથીએ આપણુને અધિકતર આનંદકારી છે. બેસતા વર્ષને દિવસે લોકો જેમ આનંદની નિશાનીમાં એક બીજાને જુહાર કરે છે તેમ હું પણુ 'જયજિનેંદ્ર!' એ વાકયોચ્ચાર પૂર્વક જુહાર કરી આપણો નવા વર્ષનો સંબંધ શરૂ કરૂં છું.

વ્યાપારી જેમ વર્ષ પૂર્ણ થયે આનંદ માને તેમ ગયા વર્ષમાં પોતે શું શું પેદાસ કરી તે પણુ ચોપડો તપાસીને જુવે છે અને આવતા વર્ષમાં એવી અથવા એથી સારી પેદાસ થવાની ઇચ્છા ધરાવે છે તેમ મનુષ્ય માત્ર પોતાની જીંદગીનું એક વર્ષ પૂર્ણ થયે બીજા વર્ષની શરૂઆતને દિવસે આનંદ માનતા પેહેલાં ગત વર્ષમાં પોતે મનુષ્ય ભવને લાયક શાશા સુકૃત્યો કર્યા અને પોતાની જીંદગીનું એક વર્ષ કેવી રીતે સફલ કર્યું છે તે સંપૂર્ણ રીતે વિચારી જોઈ પછી નવા વર્ષના પ્રારંભને માટે આનંદ માનવો અને ગતવર્ષથી વધારે સુકૃત્યો કરવાના વિચાર કરી પોતાના નવા વર્ષની જીંદગીની શરૂઆત કરવી યુક્ત છે. જેમ વ્યાપારી એ પ્રમાણે કરે તોજ તેની પેઢી ટકી રહે અને તેની પેદાશ વધે તેમજ મનુષ્ય પણુ આ પ્રમાણે વિચાર કરે અને વર્તેતોજ તેનો મનુષ્યભવ સફળ થાય અને તેની પુણ્ય પેદાશ વૃદ્ધિ પામે. મારા ગયા વર્ષનો વૃત્તાંત આપને વિદિતજ છે તોપણુ ઉપરની ફરજ પ્રમાણે અત્રે ટુંક વિવેચન કરીએ.

ગુણીગ્રાહકો ! ગતવર્ષમાં મેં યુક્ત રીતે આપની સેવા બજાવી—આપને અધિક સંતોષ પ્રાપ્ત થાય તેવા ઉપાય યોજી મારી ફરજ બજાવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં ઘણુંકરી ખામી રાખી નથી. દરેક પ્રાણીએ મનુષ્ય ભવ સંપાદન કરી સંસાર માર્ગમાં કેમ પ્રવર્તન કરવું, કયા ગુણો ગ્રહણ કરવા, કયા દુર્ગુણો છોડી દેવા એ સંબંધી જ્ઞાન થવાને માટે સંબોધસિત્તરી નામે પ્રકરણનો વિષય ચાલુ છે. વિદ્વાન અને કાવ્યની રસિકતા જાણનાર વર્ગને માટે નેમિદૂત કાવ્ય સમશ્લોકી ભાષાંતર અને અર્થ સાથે નાખવામાં આવે છે. બાળ, તરૂણ, સ્ત્રી, પુરૂષ, સર્વને રસિકતા સાથે ગુણ પ્રાપ્ત કરાવનાર કથા વિષય ઘણુંકરીને દરેક અંકમાં એક અથવા કોઈ વખત તેથી પણ વધારે હોયછે. શિવાય બીજા શિક્ષણીય અને બોધદાયક પરચુરણ વિષયો પણ વખતે વખતે નાખવામાં આવ્યા છે.

એ પ્રમાણે ગતવર્ષ આનંદ પૂર્વક પૂર્ણ થયું છે. ખામી માત્ર એટલીજ છે કે શ્રાવક સમુદાયના પ્રમાણમાં મારી બુજ જાણનારા ઘણા ઓછા છે. જ્ઞાન ઉપર તો જાણે પ્રીતિજ ન હોય તેમ થઈ પડ્યું છે. સારા સારા પુસ્તકો–વિષયો વાંચનારા ઘણા ઓછા છે. કેટલાએક પોતે અધ્યયન કરેલી ઇંગ્રેજી વિદ્યાના મદમાં, કેટલાક યુવાવસ્થાના તોરમાં, કેટલાક પૈસાની તાબેદારીમાં અને કેટલાક અજ્ઞાનતાના પાસમાં સપડાઈ ગયેલા છે અને તેથી તેઓ ધર્મજ્ઞાન એ પરમ ઉપકારી છે એવું જાણતા નથી અને પોતાનો અમૂલ્ય મનુષ્ય ભવ હારી જાય છે એથી હૃદય બળે છે. મારા વ્યવસ્થાપકો પોતાનો સ્વાર્થ ચુકી આ પરમાર્થ કાર્ય કર્યા કરે છે અને તમે મારી બુજ જાણી સહાય આપ્યા કરો છો, તેથી મન આનંદ પામે છે અને નિરાશ ન થતાં ઉદ્યમે સૌ સિદ્ધિ થશે એમ ધારી ઉદ્યમ શરૂ રાખવામાં તે ઉત્સાહી બનાવે છે.

આવતા વર્ષમાં પણ એજ પ્રમાણે આપની સેવા બજાવી વધારે સંતોષ ઉત્પન્ન થાય તેમ કરવા યત્ન કરવામાં આવશે, જે જે વિષયો અપૂર્ણ છે તે સંપૂર્ણ કરવા ઉપર લક્ષ આપવામાં આવશે, અને સારા,–ઉપયોગી–રસીક–બોધદાયક નવા વિષયો નાખવામાં આવશે. એ શિવાય હાલમાં આપણો જૈનવર્ગ આચારની બાબતમાં તદન ગફલત પડી ગયો છે તેથી આચાર સંબંધી વિષયો ઉપર ધ્યાન આપવાની ઘણા દિવસની ઉત્કંઠા છે તે પાર પાડવાનો યત્ન કરવામાં આવશે. અગર જો કે આપણો આચાર અન્ય ધર્મીઓની જેમ વિચાર રહીત નથી પણ વિચાર પૂર્વક છે અને તેથી વિદ્વાનવર્ગમાં એ વાત સ્તુત્ય ગણાય તેવું છે તોપણ હાલતો વિચારની શૂન્ય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાને લીધે જૈન કોમ આચારહીન થઈ અન્ય ધર્મીઓથી જ્યાં ત્યાં તરછોડાય છે અને અજ્ઞાન જૈનભાઇઓ એવા તરછોડા સાંખીને પણ પોતાનું જે છે તેને તે વર્તન ચાલુ રાખે છે. તેઓની દ્રષ્ટિ આવા વિષયોથી ખુલશે અને પોતાના ધર્મમાં આ સંબંધી કેવી શ્રેષ્ટ વાત છે તે તેઓ આવા વિષયથી જાણશે.

અંતે અનંત જ્ઞાનમય–અનંત દર્શનમય–અનંત વીર્યમય શ્રી તીર્થંકર ભગવંતની સ્તુતિ કરી આનંદ પૂર્વક ઇચ્છીશું કે મારૂં આયુષ્ય ઘણા વર્ષ ટકે, આપણો સંબંધ નિરંતર જારી રહે અને હું અને તમે મળીને પરમોપકારી ગુરૂદેવની સહાયતાથી ધર્મ ધ્વજ ફરકાવીએ. તથાસ્તુ.

# લલિતાંગ કુમાર.

વસંતપુર નામનું એક નગર હતું. તેમાં વિભૂતીની ભુમિકા સરખો, આજ્ઞાથી વજ્રાયુધ સરખો, રૂપમાં કુસુમાયુધ સરખો શતાયુધ નામનો રાજા હતો. દૈવ્ય લલિત આકૃતિવાળી તેને લલિતા નામની દેવી હતી; જે સકળ કળાનું વિશ્રામ ધામ હતી. કોઈ એક સમયે પોતાની દ્રષ્ટિને વિનોદ આપવા તેણી મતવાળા ( રવેશ ) ઉપર ચડીને નીચે સંચાર કરતા જનો તરફ જોવા લાગી; તેવામાં એક યુવાન પુરૂષને રસ્તા ઉપર જતો દીઠો. વિશાળ અને મનોહર ધમ્મિલથી જાણે તેને બે મસ્તક હોયની એવો તે શોભતો હતો, કસ્તુરી પંક યુક્ત દાઢી તથા મુછ હોવાથી મદઝરતા હસ્તિના જેવો તે દેખાતો હતો. વૃષભના સરખા તેના સ્કંધ હતા. છાતિ વિશાળ હતી; પદ્મ સરખા હાથ અને પગ હતા. ગ્રીવા, હસ્ત અને ચરણ ઉપર ઉત્તમ કાંચનના આભુષણ ધારણ કર્યાં હતાં, કપૂરથી પરિપૂર્ણ તાંબુલ ચાવવાથી મુખ–સૌરભ વૃદ્ધિ પામતું હતું. તિલકથી અલંકૃત કરેલું તેનું કપાળ કામદેવની વિજય પતાકા સરખું શોભતું હતું. અંગરાગના છળથી મૂર્તિમાન્ લાવણ્ય ધારણ કર્યું હતું. ધૂપિત વસ્ત્રના આમોદથી રસ્તાને પુષ્ટિ મળતી હતી. શરીરની શોભાથી શ્રીદેવીનો દ્વિતિય નંદન ( કામદેવ ) હોયની તેવો તે શોભતો હતો.

આવા પુરૂષને અવલોકવાથી તે સુલોચનાના લોચન ઉન્મત્ત થઈ ગયા–શાલ ભંજીકા સરખી સ્તબ્ધ થઇ ગઇ ! અને વિચારવા લાગી–અન્યોઅન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભુજલતાના બંધનથી. ઉન્નત રીતે જો તે પુરૂષ મને આલિંગન કરે તો-જ આ જન્મ સફળ થાય. જો હું પંખિણી હોઉં તો જાતે દૂતિત્વ કરી, ઉડીને આ મનોરમ પુરૂષ પાસે સત્વર જાઉં અને તેને ભજું. પાસે ઉભે-લી ચતુર ચેટિકાએ ધાર્યું કે સ્વામિનિની દ્રષ્ટિ નિશ્ચે આ યુવાનમાં રમે છે એટલે તે બોલી—સ્વામિનિ! તમારૂં મન આ યુવાનમાં રમતું હોય તો તેમાં કાંઇ ચિત્ર નથી; કારણ કે ઇંદુ કોના લોચનને આનંદ નથી પમાડતો. લલિતા—શાબાશ! ધન્ય છે! તું મનોજ્ઞ (પારકા મનને જાણનારી) દેખાય છે. આ મનોરમ નરને જાણું તોજ જાણું! તે કોણ છે તે મને જણાવ અને પછી એવું કર કે જેથી અમારો સંગમ થઇ મારૂં શરીર શાંત થાય!

ધૈર્યરૂપી નાટક ભજવવામાં નટી રૂપ ચેટિકા ગઇ, વૃત્તાંત જાણ્યો અને પુનઃ સત્વર આવી રાણી પ્રત્યે કહ્યું "લલિતાંગ નામનો આ પુરૂષ આજ શેહેરમાં વસે છે. સમુદ્રપ્રિય નામના સાર્થવાહનો તે નંદન થાય છે, સૌભાગ્યનો તે મન્મથ છે. બહોતેર કળાનો ભંડાર છે. કુલીન છે અને યુવાન છે હે સ્વામિનિ! તમારૂં મન યોગ્ય સ્થાનકે છે. આકૃતિને અનુસારે તમારે તેના ગુણનો નિશ્ચય કરી લેવો કારણ કે "જ્યાં આકૃતિ ત્યાંજ ગુણ" એવી લોકોક્તિ છે. નારીઓમાં તમે એકલાજ ગુણવાન છો તેમ પુરૂષોમાં તે એકલાજ છે. માટે મને આદેશ આપો કે હું તમો બંને ગુણીનો યોગ રચું."

રાણીએ તેમ કરવા આદેશ આપ્યો અને પ્રેમાંકુર ઉત્પન્ન કરવામાં અંબોદના પય સરખા શ્લોકથી અંકિત લેખ તેણીના હસ્તમાં આપ્યો. દુતિ કર્મ કરવામાં કુશળ દાસી તત્કાળ ગઇ અને રાણીએ કહેલ વચન લલિતાંગને કહ્યું. ચાટુ યુક્તિઓવડે તેને રાણી સાથે રમવાની ઇચ્છામાં પ્રવર્તાવ્યા પછી તેનું મન ખુશી કરવા તે લેખ અર્પણ કર્યો.

પુષ્પિત કદંબની જેમ લલિતાંગના પુલકાંકુર તત્કાળ ઉભા થયા. અને પ્રેમ સૂચક લેખ વાંચ્યો—"સુભગ! જ્યારથી તમને દીઠા ત્યારથી હું વરાકી સર્વ જગત્ તમારામય દેખું છઉં! માટે સંયોગથી મને અનુગ્રહ કરો." લેખ વાંચી બોલ્યો—દાસી! અંતઃપુર નિવાસી તે ક્યાં? અને વણિક્ માત્ર હું ક્યાં? નૃપ-યોષિતા સાથે હું રમીશ એમ હૃદયમાં ધારણ કરવું અશક્ય છે, કદાચ ધારી શકાય તો કહી શકવું અશક્ય છે. જો ભુવિ ઉપર સ્થિત્ થયેલો મનુષ્ય શશિ-કળાને સ્પર્શ કરવા સમર્થ થાય તોજ રાજપત્નીઓ અન્ય પુરૂષો સાથે વિલાસ કરનારી નીવડે.

દાસી—સુંદર! જેને કોઇ સહાયક નથી તેને સમસ્ત દુષ્કર છે. પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તને તો હુ સહાય કરનારી છઉં. તમે ચિંતા ન કરો. જાણે પુષ્પ મધ્યે સ્થિત થયા હો તેમ અદ્રશ્યપણે મારી બુદ્ધિથી અંતઃપુરમાં સંચાર કરાવીશ. માટે બ્હીકથી સર્યું! "સમય આવે મને બોલાવજે" એમ લલિતાંગે કહ્યું એટલે ચેટિ સત્વર દોડી અને હર્ષોચ્છ્વાસ સહન કરતી કરતી રાણીને વૃત્તાંત નિવેદન કર્યો.

લલિતા તે દિવસથી સંગમનું ચિંતવન કરતી હતી તેવામાં નગરમાં મનોહર કૌમુદિ—ઉત્સવ આવ્યો. નૃપતિ ધાન્યથી પ્રશંસનીય ક્ષેત્રો અને દુગ્ધ સરખા શુદ્ધ સરોવરના જળોવાળી બહિર્ભુમિકા ઉપર આખેટક—કૌતુકથી ગયો. ચારે તરફથી રાજગૃહ વિજન થઈ ગયું એટલે તે ચેટિ મારફત લલિતાએ લલિતાંગને બોલાવ્યો. દેવીને વિનોદ પમાડવાના ઉદ્દેશથી નવીન યક્ષની પ્રતિમાના નામથી દાસીએ તેને અંતઃપુરમાં પ્રવેશ કરાવ્યો. ચિરકાળે સંગમ થયો એટલે બંનેએ વલ્લિ અને વૃક્ષની જેમ પરસ્પર ગાઢ આલિંગન કર્યું! અનુમાન કરવામાં કુશળ નાંજર લોકોએ જાણ્યું કે અંતઃપુરમાં નિશ્ચયે પર પુરૂષનો પ્રવેશ થયેલો જણાય છે. "આપણે છેતરાયા છીએ" એમ તેઓ વિચાર કરતા હતા તેટલામાં આખેટક—ક્રીડાની સમાપ્તિ કરી મેદિની પતિ નગરમાં આવ્યો; એટલે તેઓએ પોતાની આશંકા કહી સંભળાવી.

નૃપતિ શબ્દ કરતા ઉપાન કાઢી નાંખી નિશ્ચળ પગલે ચોરની જેમ અંતઃપુરમાં દાખલ થયો. દ્વાર તરફ દ્રષ્ટિ નાખતી ચતુર ચેટિકાએ મેદિની પતિને દૂરથી આવતો જોયો એટલે રાણીને કહી દીધું. બંનેએ મળી તે જારને તત્કાળ ઉપાડી ઉપરને રસ્તેથી ઘરના પુંજાના ઢગલાની જેમ બ્હાર ફેંકી દીધો. રાજગૃહના પશ્ચાત પ્રદેશ ઉપર આવેલા મોટા ખાડાને વિષે તે પડયો.

જેમ ગુહામાં ઘુવડ સંતાઈ રહે તેમ તે ત્યાંજ સંતાઈ રહ્યો. નર્કાવાસની જેમ દુર્ગંધનો અનુભવ આપનાર અને અશુચિ સ્થાન કૂપમાં પૂર્વ સુખનું સ્મરણ કરતો રહેવા લાગ્યો; અને વિચારતો કે જો આ અવટ થકી કોઈ રીતે બ્હાર નીકળું તો આવા પરિણામવાળા ભોગથી સર્યું! રાણી તથા દાસી અનુકંપા લાવી તે અવટમાં નિત્ય ઉચ્છિષ્ટ (વધેલું ભોજન) નાખતી. પોતે તે ઉચ્છિષ્ટથી શ્વાનની માફક જીવતો. વર્ષારૂતુ પ્રાપ્ત થયે રાજગૃહની ખાળના પાણીથી, દુષ્ટ બુદ્ધિ પાતકથી ઉભરાઈ જાય તેમ, તે કુપ ઉભરાઇ ગયો. જળના અતિ વેગથી તે શબવત્ બહાર નીકળ્યો; અને કિલ્લાની બારીમાં થઈ બ્હારની ખાઇમાં આવ્યો. જળના પૂરે તુંબડાના ફળની માફક ઉંચેથી ઉલાળીને ખાઈના તીર ઉપર ફેંકયો નીરના વેગથી

For Private And Personal Use Only

આર્ત્ત થઈ જઇ મુર્છા પામ્યો ! જાણે કુળ દેવતાજ આવી હોયની તેમ દૈવ યકીજ આવેલી ધાત્રીએ તેને દીઠો, લઇ લીધો એને પોતાના ઘર માં કુટુંબે તેનું પાલન કર્યું અને છેદ્યા પછી પુનઃ પ્રરૂઢ થયેલા વૃક્ષની માફક તેણે નવીન રૂપ ધારણ કર્યું !

વાચકવૃંદ ! કામાર્ત લલિતાના દુઃખ તો પરોક્ષ રહ્યાં પરંતુ લલિતાંગનું દુઃખ તેં પ્રત્યક્ષ જોયું, જો મોક્ષ--સુખનો અભિલાષી હો, પુનઃ ગર્ભ માં સંક્રમણ થવાના કારણ રૂપ ન બનવું હોય તો ચાખતાં મધુર પરંતુ પરિણામે અતિ ક્રુર એવા કિંપાક ફળના સરખું વિષયિક સુખ તજી દેજે અને આ કથાના ઉપનયનું નિરંતર લક્ષ પૂર્વક મનન કરજે. કામ ભોગથી નિર્વેદ નહી પામેલા લલિતાંગને સ્થાનકે, સંસારી જીવ સમજજે. ભોગવતાં માત્રજ મધુર પણ પરિણામે અતિદારૂણ વિષયિક સુખ લલિતાદેવીના પરિભોગને સ્થાનકે ગણજે. લલિતાંગનો વિષ્ટા કૂપમાં વાસ તેમ જીવનો ગર્ભાવાસ ધારજે. લલિતાંગનું ફેલા હારથી પોષણ થતું તેમ માતાએ ખાધેલા અન્નપાનાદિથી ગર્ભનું પરિપોષણ સમજજે. જળથી પરિપૂર્ણ વિષ્ટા–કૂપથી ખાળમાં થઈ લલિતાંગ નીકળ્યો તેમ પુદ્ગળથી વૃદ્ધિ પામેલા ગર્ભસ્થાનમાંથી યોની દ્વારા જીવનું નિર્ગમન વિચારજે. કિલ્લાની બહાર આવેલી ખાઈમાં લલિતાંગ આવી પડ્યો તેમ સુતિકા ભવનમાં ગર્ભવાસ થકી જીવનું પતન વિચારજે. જળથી પરિપૂર્ણ ખાઈના નિર જોર આવી રહેલા લલિતાંગની મુર્છના, જરાયુ (ઓર) અને રૂધીર મળ ગર્ભ કોસમાંથી બહાર નીકળતા જીવની મુર્છના સરખી સમજજે. લલિતાંગના દેહનો ઉપગ્રહ કરનારી અને જે ધાત્રિકા તે જીવના કર્મ–પરિણામની શ્રેણીરૂપ સંતતિ ધારજે.

હવે વિચારવાન્ પ્રાણીએ વિચાર કરવાનો એ છે કે આવા તીવ્ર દુઃખને સહન કરી આવનાર લલિતાંગ ફરીને કદીપણ રાણીના સંગમની ઇચ્છા કરે ? નજ કરે. તેમ ઉત્તમ પ્રાણીઓ ગર્ભવાસના દુઃખને તથા પ્રકારના જાણીને ફરી એ દુઃખમાં પડવા ઇચ્છા ન કરે અર્થાત્ જે પ્રકારે કરીને ફરી ગર્ભવાસમાં પડવું ન પડે, જન્મ મરણ મટી જાય અને અજરામર સુખની પ્રાપ્તિ થાય તેવો પ્રયત્ન કરે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# प्रतीक्रमण.

( અનુસંધાન પુ. ૮ માને પૃષ્ટ થી )

૨ હવે તેજ સોગોનો સમુહ જો દોરા વડે બાંધી લીધેલો હોય તો જ્યારે તે બંધ છોડીએ ત્યારે સોગો છુટી છુટી થઇ જાય તેમ જે કર્મનિ-કથાદિ પ્રમાદ થકી ઉત્પન્ન થયેલા પ્રાણાતિપાતાદ દોષે કરીને બાંધ્યું હોય તે આલોચના અને પ્રતિક્રમણે કરીને ક્ષય થાય તેને **બદ્ધ પાપ કર્મ** કહીએ.

**મૃગાવતિ અને અયમત્તા કુમારની જેમ.**

" શ્રી મહાવીર ભગવંતને વંદન કરવા માટે જે દિવસે ચંદ્ર સૂર્ય મૂળ વિમાને આવ્યા તેજ દિવસે સુર્યાસ્ત સમયને ઉપયોગ વડે જાણીને સુ-ર્યનો પ્રકાશ છતાં પણ **ચંદનબાળા** વિગેરે સાધ્વીઓ સમવસ-રણમાંથી નીકળીને પોતાને ઉપાશ્રયે ગઇ. પરંતુ **મૃગાવતિ** સાધ્વીને સૂર્યના પ્રકાશ વડે સુર્યાસ્ત સમયનો ઉપયોગ ન રહેવાથી તે તો સમવસરણમાં બેશી ર-હ્યા. રાત્ર થોડીક વ્યતિત થઇ એટલે ચંદ્ર સૂર્ય સ્વસ્થાનકે ગયા. અંધકાર પરાર્યો એટલે રાત્રી પડી ગઇ જાણીને તત્કાળ મૃગાવતિ સાધ્વી ત્યાંથી ઉ-ઠયા અને ઉપાશ્રયે આવ્યાં એટલે **ચંદનબાળા** મુખ્ય સાધવીજીએ ઠપકો આપ્યો કે " સાધ્વીને રાત્રીએ ઉપાશ્રય બાહાર જવું કે રહેવું ઘટીત નથી." મૃગાવતિ સાધ્વી ઇરિયાવહી પડીકમતાં પૂર્વોકત અપરાધને ત્રીકરણ શુદ્ધે ખમાવવા લાગ્યા. ખમાવતાં ખમાવતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું " અહીં મૃ-ગાવતિ સાધવીએ બાંધેલ કર્મ તે બદ્ધ પાપકર્મ જાણવું.

" **અયમત્તાકુમાર** " સ્થવીરની સંગાતે બહિર્ભુમિકાએ જતા હ-તા. વર્ષા ઋતુ હોવાથી રસ્તામાં નાના નાના ખાબોચીઆઓ પાણીએ ભ-રાએલા હતા તેમાં કાગળ વિગેરેના વાહાણો બનાવીને નાના નાના બાળ-કો તરાવતા હતા. અયમત્તાકુમારની પણ બાળક વય હોવાથી બાળચેષ્ટા વડે તેમણે પણ પોતાની કાચળી પાણીમાં તરતી મૂકી, અને કેવી તરે છે તે જોવા ઉભા રહ્યા. છેટું પડવાથી સ્થવીરે પાછું વળીને જોયું અને અય-મત્તાકુમારને ક્રિડા કરતા દેખીને બોલાવવા માટે મુનિને મોકલ્યા. બહીર્ભુ-મીકાએ જઇ આવીને ઇરિયાવહી પડિકમતાં સ્થવીરે યાદ આપવાથી અ-યમત્તાકુમાર જળ ક્રિડા સંબંધી પાપને આલોવતાં શુભ ધ્યાનવડે કેવળ જ્ઞાન પામ્યા. " અહીં અયમત્તાકુમારનું બદ્ધ પાપકર્મ જાણવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ હવે તેજ સોગો દોરાવડે બાંધેલી ઘણા કાળ સુધી તેજ સ્થિતિમાં રહેવાથી લોહના કાટવડે સોય અને બંધ બન્નું પરસ્પર ગળી જાય ત્યારે તે સોગો તેલનું મક્ષણ કરવાથી, તાપ દેવાથી તેમજ અન્ય લોહ સાથે ઘષણ કરવા વિગેરે બહુ પ્રકારના પ્રયત્નથી જુદી થાય તેમ જે કર્મ દોરડા વળગવા રૂપ દર્પથી તેમજ સમગ્ર ઇંદ્રિયોની એકરૂપતાથી જાણી જોઇને ઉપાર્જન કર્યું હોય અને ઘણા કાળ પર્યંત નહીં આલોચવાથી જીવના પ્રદેશોની સાથે ગાઢપણે બંધાઇ ગયું હોય તે કર્મ તીવ્ર ગહા અને ગુરૂ મહારાજે આપેલા ઘોર છ માસી વિગેરે તપ કરવાથીજ ક્ષય થાય છે તેને નિધત્ત પાપ કર્મ કહીએ. **સિદ્ધસેનસૂરીની જેમ.**

" **સિદ્ધસેનસુરીએ** " પોતાના જ્ઞાનના ગર્વથી અને સિદ્ધાંતકર્તાના અબહુમાનથી સર્વ સિદ્ધાંતો સંસ્કૃતમાં કરવાનો વિચાર કર્યો અને ગુરૂમહારાજને કહ્યો. ગુરૂ મહારાજાએ અનંત તીર્થંકર ગણધરાદિકની આશાતના કરવાથી સિદ્ધસેનસૂરીને તીવ્રપાપકર્મનો બંધ થએલ જાણીને બાર વર્ષની અવધીનું પારાંચિત પ્રાયશ્ચિત આપ્યું. તેમણે પણ બાર વર્ષ પર્યંત વેશ ગોપવી, ચારિત્ર પાળ્યું અને પ્રાંતે શ્રી અવંતી પાર્શ્વનાથનું પ્રાચીન તીર્થ પ્રગટ કરી વિક્રમ રાજાને પ્રતિબોધ પમાડયો અને જૈનધર્મ અંગીકાર કરાવ્યો. જૈન શાસનની બહુજ ઉન્નતિ થઇ. રાજાએ 'સર્વજ્ઞપુત્ર' એવું બીરૂદ આપ્યું. અહીં સિદ્ધસેનસુરીએ બાંધેલ કર્મ તે નિધત્ત પાપકર્મ જાણવું.

૪ હવે તેજ સોયનો સમુહ અગ્નિમાં મુકી ધમીને લોહના એક પિંડભૂત કર્યો હોય તો તેને ભાંગીને ફરીને ઘડે ત્યારેજ નવીન સોગો થાય. તેમ જીવ જાણીને જે પાપકર્મ કર્યું હોય અને વળી મેં આ ઠીક કર્યું, ફરીને પણ એમજ કરીશ, આવા વચનોવડે વારંવાર અનુમોદન કરવાથી જીવના પ્રદેશોની સાથે ગાઢ એકત્વપણાને પામ્યું હોય તે કર્મનો જેવું કર્યું હોય તેવુંજ વેઠવું પડે છે. ગુરૂ મહારાજએ આપેલા અત્યંત ઘોર તપ વડે પણ ક્ષય થતું નથી. તેને ચતુર્થ નિકાચિત પાપકર્મ કહીયે. **શ્રેણિકાદીકની જેમ**

" **શ્રેણિકરાજાએ** શિકાર કરવા જતાં એક સગર્ભા હરણીને એક બાણવડે હણી અને પાછી પોતાની બાણ મારવાની કુશળતાને વખાણીને વારંવાર તે પાપકર્મની અનુમોદના કરી તેથી નિકાચિત પાપ બાંધ્યું. ત્યારપછી અનાથીમુનિના સંગમથી સમકિત પામ્યા અને શ્રીવીર ભગવંતની અપ્રતિપાતી ભક્તિવડે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું પરંતુ પૂર્વોક્ત પાપના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિબંધની વખતે નર્કગતિનું નિકાચિત આયુષ્ય બાંધ્યુ હતું તે ક્ષય ન પામ્યું અને નર્કે જવું પડયું. આવું તીવ્ર પાપકર્મ તે નિકાચિત પાપકર્મ જાણવું.

પૂર્વોક્ત ચાર પ્રકારના પાપકર્મમાંથી અહીં પ્રતિક્રમણવડે કરીને પ્રથમના બે પ્રકારના પાપકર્મનો અપગમ કે૦ ક્ષય છે. પાછલા બે પ્રકારનું પાપકર્મ બાંધ્યું હોય તે આલોવણ પ્રતિક્રમણવડે ક્ષય થતું નથી.

હવે તસ્સધમ્મસ્સ૦ એ પદ કહેતા સાધુ અને શ્રાવક બંને દ્રવ્યથી અને ભાવથી ઊભા થાય અને अम्भुट्ठिओमि०ઇત્યાદિક પાછળનો ભાગ શ્રમણસૂત્ર અને વંદિત્તા સૂત્રપૂર્ણ થતાં સુધી બોલે.

ત્યારપછી પ્રતિક્રમ્યા છે અતિચાર જેણે એવા સાધુ શ્રાવક શ્રીગુરૂ મહારાજ પ્રત્યે થયેલા પોતાના અપરાધને ખમાવવાને અર્થે પ્રથમ બે વાંદણાવડે દ્વાદશાવર્ત્તવંદન કરે. આઠ કારણે વંદન કરવાનું શાસ્ત્રકારે કહેલું છે.

**पडिक्कमणे सज्झाये, काउसग्ग वराह पाहुणए ।**
**आलोयण संवरणे, उत्तमट्ठे य वंदणयं ॥**

શબ્દાર્થ—પ્રતિક્રમણને વિષે, સઝાયને વિષે, કાયોત્સર્ગ કરતાં, અપરાધ ખમાવતાં, પ્રાહુણા સાધુ આવે ત્યારે, આલોયણા લેતાં, પચ્ચખ્ખાણ કરતાં અને અણસણ કરતી વખત આ આઠ કારણે દ્વાદશાવર્ત્ત વંદન કરવું.

વિશેષાર્થ—પ્રતિક્રમણને વિષે સામાન્યે ચાર વાંદણા દીઠ દીકવંદન રૂપછે ૧ ત્રીજા આવશ્યકે કાયોત્સર્ગ કરવા માટે ૨ વંદીતાસૂત્ર પછી અપરાધ ખમાવવા માટે ૩ અબ્ભુઠ્ઠીઓ ખામ્યા પછી પાછા કાયોત્સર્ગ કરવા માટે અને ૪ છેલા છઠ્ઠે આવશ્યકે પચ્ચખ્ખાણ કરવા માટે આ પ્રમાણે ચાર વખત છે.

૨ સાધુ મુનિરાજને યોગની ક્રિયામાં સઝાય કરતાં વાંદણા દેવાનો અધિકાર છે તે વિશેષે યોગની વિધિથી જાણી લેવું.

૩ કાયોત્સર્ગ અહીંયાંજ બે લોગસનો કરવાનો આગળ કહેશું તેના પ્રારંભમાં વાંદણા દેવા. અથવા આચામ્લનું વિસર્જન થઈ ગયું હોય અને વિગયભોગવાણી હોય તેને માટે જે કાયોત્સર્ગ કરવા પડે તે વખત વાંદણા દેવા.

૪ ગુરૂ મહારાજના વિનયને ઊલંઘન કરવારૂપ અપરાધ તે પ્રથમ વાંદણા દઇને પછી ખમાવાય છે.

૫ દિક્ષા પર્યાયા વિગેરેથી જ્યેષ્ટ એવા પ્રાહુણાસાધુ આવ્યા હોય ત્યારે દ્વાદશાવર્ત્તવંદને વાંદવા.

૬ વિહારાદિકમાં અપરાધ આવ્યો હોય એ વિગેરે દોષોની આલો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચના કરતી વખતે વંદન કરવું.

૭ ભોજન કર્યા પછી અભક્તાર્થપણું મહણ કરવા માટે પચ્ચખ્ખાણ કરવું તે સમયે દ્વાદશાવર્ત્ત વંદન કરવું.

૮ ઊત્તમાર્થે એટલે અનશનસંલેખનાને વિષે દ્વાદશાવર્ત્ત વંદન કરવું તે.

પાંચ ઉપરાંત મુનિરાજ હોય ત્યારે શ્રીગુરૂ મહારાજ સુદ્ધાં ત્રણને ખમાવવા. ત્યાર પછી કાયોત્સર્ગ કરવા માટે પૂર્વોક્તક્રમને અનુસારે પ્રથમ વાંદણા દેવા. પછી ભૂમિનું પ્રમાર્જન કરીને जेमेकेइ कसाया ઇત્યાદિ અક્ષરોમાં સૂચન છે તે પ્રમાણે કષાયચતુષ્ટયથી પાછું હઠવું છે તેનું અનુકરણ કરતોજ હોયની તેમ પાછલે પગલે અવગ્રહમાંથી બહાર નિકળે. અને आयरिय उवज्झाये એ સૂત્ર ત્રણ ગાથારૂપ બોલે

આલોચના અને પ્રતિક્રમણવડે અશુદ્ધ રહેલા (શુદ્ધ નહીં થયેલા) એવા ચારિત્રાદિકના મહત્ અતિચારોની શુદ્ધિને માટે કાયોત્સર્ગ કરવાના છે. તેમાં પ્રથમ ચારિત્રની શુદ્ધિને માટે કાયોત્સર્ગ કરવો તે ચારિત્ર કષાયનાવિરહવડેજ શુદ્ધ થાય છે જો કષાયનો અભાવ થાય તોજ ચારિત્રનું સારપણું છે. કહ્યું છે કે—

**सामन्नमणुचरंतस्स, कसाया जस्स उक्कडा हुंति ।**
**मन्नामि इच्छु पुप्फं व, निप्फलं तस्स सामन्नं ॥**

અર્થ—ચારિત્રના સામાન્ય પર્યાયને આચરતા એવા મુનીને જો કષાયો ઊત્કટ છે તો તેનો સામાન્ય પર્યાય ઇક્ષુ (શેરડી) ના પુષ્પની પેઠે નિષ્ફળ છે એમ માનુંછું.

આ પ્રમાણે કહેલું છે તેથી ચારિત્રનો પ્રકર્ષ કરવાને માટે કષાયનો ઉપશમ કરવો અને તે ઉપશમને માટેજ आयरिय उवज्झाए ઇત્યાદી ત્રણ ગાથા કહેવી. પછી પ્રતિક્રમણ કરવાવડે પણ અશુદ્ધ રહેલા એવા ચારિત્રાચારના અતિચારની શુદ્ધિને માટે કાયોત્સર્ગ કરવાને ઇચ્છતા એવા મુની અથવા શ્રાવક કરેમીભંતે સામાઇયં૦ ઇચ્છામિઠામિકાઉસગ્ગં૦ અને તસ્સઉત્તરી૦ એ ત્રણ સૂત્ર કહીને કાઊસગ્ગ કરે. એ કાયોત્સર્ગમાં ચારિત્રાચારની વિશુદ્ધિને માટે બે લોગસ્સ ચિંતવે.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# स्त्री केळवणी.

સ્ત્રી કેળવણી એટલે સ્ત્રીઓને કેળવવી-ભણાવવી તે. સ્ત્રી કેળવણી એ મથાળું વાંચીને આપણા ઘણા જૈન બાંધવોનો આશ્ચર્ય પામશે કારણ કે જૈન કોમના પુરૂષોજ કેળવણીમાં પછાત છે તો તેઓને સ્ત્રી કેળવણીની કિંમત શું છે' તેથી કેવી જાતના ફાયદા થઇ શકે છે.' વગેરે બાબતની સમજણ ક્યાંથી હોય ? ભાગ્યવશાત્ જૈન કોમ વ્યાપારમાં ફાવેલી છે એટલે તેને કેળવણીમાં પછાત હોવાથી જે નુકશાન થાય છે તેની ખબર પડતી નથી પરંતુ વિના કેળવણીએ જે નુકશાન થવું જોઇએ એનો પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે થાય છેજ. ઘણા માણસો તો સ્ત્રીઓને ભણાવવી એ અકર્તવ્ય સમજે છે, છોકરીઓને ભણવા મોકલનાર ઉપર ચીડાય છે, ભણેલી સ્ત્રીને દેખી તેના ઉપર કંટાળો આણે છે અને તેનામાં કાંઇ અવગુણ જણાયો હોય તો તે સંબંધી રજનું ગજ કરી મુકે છે. કેટલાકને ભણેલી સ્ત્રી વંધ્યા રહે છે, દુર્ભાગી થાય છે, વહેલી મરી જાય છે, વહેલી રાંડે છે એવા વ્હેમ હોય છે. તો આપણે પ્રથમ એ તપાસીએ કે સ્ત્રીઓને ભણાવવી એ કર્ત્તવ્ય છે કે અકર્ત્તવ્ય છે, શાસ્ત્રકાર એમાં સંમત છે કે અસમંત છે, અને પૂર્વે એ રીતિ હતી કે નહિ.

આ જગતમાં પ્રાણિમાત્રમાં ચૈતન્યભાવ સરખો છે તોપણ પશુપક્ષી વગેરે પ્રાણિઓથી મનુષ્ય પ્રાણિ ઉત્તમ ગણાય છે એનું કારણ મનુષ્ય જ્ઞાન મેળવવાને લાયક છે એ શિવાય બીજું જણાશે નહિ. જ્ઞાન એટલે સમજણ. જેનામાં જેટલી સમજણ વધારે તેટલી માનવજનનમાં તે ઊંચી પદવી ધરાવે છે આપણે સર્વે વગડામાં અથવા ગામડામાં રહેનાર માણસ કરતા શહેરના માણસને વધારે ઊત્તમ ગણીએ છીએ તેનું કારણ તેઓનું જ્ઞાન બળ વધારે એજ છે શરીર બળમાં તો વગડાના અને ગામડાના રહેનારાઓ શહેરના મનુષ્યો કરતા ચઢે છે તોપણ તેઓ શહેરી મનુષ્યના જ્ઞાન બળને લીધે તેને વશ રહે છે. દરેક માણસમાં ઓછું વધતું જ્ઞાન હોય છે તેથી તેઓ પોતાના દરેક કાર્ય ઉપરથી સમજણ-અનુભવ લઇ પોતાના સુખદુઃખની વાત એક બીજાને કરે છે અને તે ઉપરથી જે રસ્તે વધારે સુખ મળે તે રસ્તે પ્રવર્ત્તવા વધારે જ્ઞાનવાળાની મતિથી પ્રયત્ન કરે છે. ઉમર પરત્વે જોઇએ તો બાળકને આપણે પશુ બરાબર કહીએ છીએ તેનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ એટલુંજ કે તે સમયે તેનામાં કાંઇ જ્ઞાન હોતું નથી. જેમ જેમ તે મોટું થતું જાય છે અને તેનું જ્ઞાન વધતું જાય છે તેમ તેમ તે માણસ માં ગણાતું જાય છે. ધર્મ, દયા, સત્ય, શૌચ, દાન, પુન્ય, તપ, પુણ્ય, પાપ, ક્રોધ, માન, માયા, લોભ વગેરે શબ્દોના સ્વરૂપ માણસ પોતાની ઓછી વધતી જ્ઞાન શક્તિના પ્રમાણમાં સમજે છે અને તે ઉપરથી જે આદરવાના કાર્ય હોય, તેમાં પોતાનું આચરણ કરે છે અને બીજા છોડી દે છે. ખુન, ચોરી, મારામારી વિગેરે ગુન્હાના કૃત્યો ઘણું કરી અજ્ઞાન માણસોજ કરનારા નિકળશે કારણ કે જ્ઞાનવાન તો તેથી રાજનો આ ભવમાં અને પાપનો દંડ પરભવમાં ભોગવવો પડશે એમ જાણી શકે છે. પશુ યોનિમાં જન્મ પામનાર પણ જ્ઞાનના યોગથી ઉંચ ગતિમાં જવા પામે છે તો માણસ જાતને જ્ઞાન પ્રાપ્તિથી વધારે ઉત્તમતા પ્રાપ્ત થાય એમાં શી નવાઇ ! પોપટાદિ પશુઓને કોઇ શ્રમ લઇ જરા ભણાવે—પઢાવે છે તો તેઓ માણસ ભરેલું બોલતા શીખે છે અને તે સાંભળી સર્વ ખુશી થાય છે. એકજ માબાપથી જન્મ પામેલા બે પોપટનો દાખલો પ્રસિદ્ધ છે જેને જ્ઞાની—તપસ્વીનો સંગ હતો તે સારૂ બોલતા શીખ્યો. અને જેને અજ્ઞાની ચોર ભીલોનો સંગ હતો તે બુરૂં શીખ્યો શાસ્ત્રમાં જ્ઞાનની અધિકતા સ્થળે સ્થળે વર્ણવી છે અને જ્ઞાન વિનાના મનુષ્યને પશુ સમાન ગણેલા છે. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે—

**येषां न विद्या न तपो न दानं, ज्ञानं न शीलं न गुणो न धर्मः ।**
**ते मर्त्य लोके भुवि भारभूता, मनुष्यरूपेण मृगाश्चरंति ॥**

"જેઓનામાં વિદ્યા, તપ, દાન, જ્ઞાન, શીલ, ગુણ અને ધર્મ નથી તેઓ આ મૃત્યુ લોકમાં પૃથ્વીને વિષે ભારભૂત થઇ મનુષ્ય રૂપે મૃગો—હરણો ફરે છે" એવો આ શ્લોકનો ભાવાર્થ છે. અને તે ઉપરથી એમ સમજાય છે કે વિદ્યા વિનાના મનુષ્યને નીતિશાસ્ત્રકાર પશુ સમાન કહે છે વળી

**आहार निद्रा भय मैथुनं च,**
**सामान्यमेतत् पशुभिर्नराणां ।**
**ज्ञानं नराणामधिको विशेषो,**
**ज्ञानेन हीनाः पशुभिः समानाः ॥**

"આહાર, નિદ્રા, ભય, મૈથુન એ માણસો અને પશુમાં સરખા છે. પરંતુ માણસમાં જ્ઞાન અધિક છે તેથી તેઓ ઉત્તમ ગણાય છે માટે જ્ઞાનવિનાના મનુષ્યો પશુ સમાન છે" એવો આ શ્લોકનો ભાવાર્થ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજા જે જે ગુણો છે તે સર્વે ગુણોમાં જ્ઞાન ગુણની આગેવાની છે "જ્ઞાન સકલ ગુણ મૂળ રે" એ વિજય લક્ષ્મી સૂરિનું વચન પ્રસિદ્ધ છે. વિદ્યા ભણવાથી માણસને જ્ઞાનની કિંમત સમજાય છે અને તે કયું જ્ઞાન ઉત્તમ છે તે સમજી શકે છે. પોતાની એવી સમજણ શક્તિ થયે તેઓ ધર્મ જ્ઞાન મેળવવાને વધારે લાયક થાય છે. માણસ પોતાનો જન્મ ગમે તેવી મ્હોટાઈ ભોગવતા ગમે તેવી શ્રીમંતાઈમાં ગાળે પણ જો ધર્મ જ્ઞાન હોય નહિ તો એ સર્વ જન્મ વૃથા છે. તે મનુષ્ય ભવને લાયક કૃત્ય કરી શકે નહિ અને મનુષ્ય ભવ હારી જાય. સિંદૂર પ્રકરણમાં કહ્યું છે કે—

मानुष्यं विफलं वदंति हृदयं व्यर्थं वृथा श्रोत्रयो ।
निर्माणं गुण दोष भेद कलना तेषामसंभाविनीं ॥
दुर्वारं नरकांधकूप पतनं मुक्तिं बुधा दुर्लभां ।
सार्वज्ञः समयो दयारस मया येषां न कर्णातिथिः ॥

"જે માણસને સર્વજ્ઞના દયા રસમય સિદ્ધાંત કર્ણના અતિથિરૂપ સમા નથી અર્થાત જેણે વિતરાગ ભાષિત સિદ્ધાંત શ્રવણ નથી કર્યા તેનો મનુષ્ય જન્મ ડાહ્યા માણસો નિષ્ફળ કહે છે, તેનું હૃદય વ્યર્થ કહે છે, તેના કાનનું નિર્માણ વૃથા કહે છે. તેઓનામાં ગુણ અને દોષનો ભેદ સમજવાની શક્તિનો અસંભવ ગણે છે, તેઓને નરકના અંધકુપમાં પડવાનું દુઃખે વારી શકાય તેવું કહે છે અને તેઓને મોક્ષની પ્રાપ્તિ પણ દુર્લભ કહે છે."

જો કાંઈપણ વિદ્યાભ્યાસ કર્યું ન હોય તો એવા કલ્યાણકારી સિદ્ધાંત સાંભળવાનો વખત ક્યાંથી આવે. કોઈ કહેશે કે ગુરુ મહારાજના વ્યાખ્યાનમાં વ્યાખ્યાન વાંચતા હોય ત્યાં જઈને સાંભળે પણ તેનું નામ સાંભળવું નથી. સાંભળીને જે સમજી શકાય અને જેનો સાર લઈ શકાય તેનું નામજ સાંભળવું છે. કેળવણી વિના ગમે તેટલું શ્રવણ કરો પણ તેનો ખરો લાભ પ્રાપ્ત થવાનો નથી. દશવૈકાલિક સૂત્રમાં **પ્રથમ જ્ઞાન અને પછી દયા** એવા વચનો કહ્યા છે કે એ ઉપરથી સમજાય છે માણસને પ્રથમ જ્ઞાનગુણ પ્રાપ્ત કરવાનો છે જેથી બીજા ગુણ તેની મેળે આવી મળે છે. જ્ઞાનવાન્ માણસ દરેક કાર્યમાં પુણ્ય બંધજ કરે છે. કોઈ વખત તેને અકાર્ય કરવાનો વખત આવે તોપણ તે એવું નિબિડ પાપ બંધન કરતા નથી. જૈનતત્વાદર્શમાં કહ્યું છે કે—"જેમ કોઈ પુરૂષ રાજાદિના કષ્ટનિયોગથી વિષમિશ્રિત અન્ન જાણતો છતો પણ ભયભીત થઈને જમે તેમ જ્ઞાનવાન્ મનુષ્યો કવચિત્ અકાર્ય આચરણ કરે તોપણ સંસારના દુઃખથી ભયભીત થયા છતા કરે પણ નિઃશંકપણાથી ન કરે." એથી તેને કર્મ બંધન ઘણુંજ ઓછું થાય છે. સંસારના દુઃખથી ભયભીત રહેવું તેનું નામજ સંવેગ છે. અને જ્યાં સંવેગ ત્યાં મોક્ષ પ્રાપ્તિ સુલભ સમજવી. સંપૂર્ણ.

For Private And Personal Use Only